## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




# અંગદાન મહાદાન : બ્રેઈન ડેડ વ્યકિતએ અન્ય ત્રણને નવજીવન બક્ષ્યું



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના નાગરીકના અંગદાન થી ત્રણ વ્યકિતને નવજીવન મળ્યું છે.

શહેરના બ્રેઈન ડેડ કિશનભાઈ વાઘેલાના પરિવારના સભ્યોએ સંમતિ આપતા કિડની અને લીવરનું દાન કરવામાં આવતા અમદાવાદ સિવિલના બિછાને પડેલા ત્રણ દર્દીઓને નવી જીંદગી મળતા ખુશખુશહાલ થઈ ગયા હતા. ત્યારે આ ત્રણેય દર્દી તેમજ પરિવારના સભ્યોએ કિશનભાઈના પરિવારનો આભાર માન્યો હતો.

તાજેતરમાં સેકટર-૮ પાસે રીક્ષાને અકસ્માત નડ્યો હતો.

જેમાં શહેરના ૫૨ વર્ષિય કિશનભાઈ છનાભાઈ વાઘેલાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. અમદાવાદની હોસ્પિટલમાં ત્રણ-ત્રણ દિવસની સઘન સારવાર બાદ માથાની ગંભીર ઈજાને પગલે કિશનભાઈને ડોકટર્સ દ્વારા બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. કિશનભાઈને બ્રેઈન ડેડ જાહેર કરતા સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા કિશનભાઈના પરિવારને અંગદાન માટે કાઉન્સેલીંગ કર્યું હતું.

જેથી વ્યકિતના શરીરના અંગનું મહત્વ સમજી પરિવારને અંગદાન માટે સહમતિ આપી હતી. ત્યારબાદ બ્રેઈન ડેડ કિશનભાઈને રીટ્રાઈવલ રૂમમાં ખાતે લઈ ગયા હતા. જયાં ભારે જહેમત બાદ તેમની કિડની અને લીવરનું દાન લઈ તાત્કાલીક હોસ્પિટલમાં બિછાને જીંદગીની ઢળી રહેલી સાંજ જોઈ સમય પસાર કરી રહેલા ત્રણ દર્દીઓને અંગદાન મળતા નવુ જીવન મળ્યું હતું. અમદાવાદ કિડની હોસ્પિટલના બે દર્દીઓ તેમજ લીવર અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ દર્દીના શરીરમાં પ્રત્યારોપણ કરાશે.

ત્યારે શહેરના કિશન વાઘેલાના પરિવારનું હાસ્ય તો છીનવાઈ ગયું, પરંતુ મૃત્યુ બાદ પણ કિશનભાઈ ત્રણ પરિવારોને હસાવીને ગયા છે. સામાન્ય પરિવારના સભ્યએ અંગદાન કરતા સમાજ માટે ઉત્તમ ઉદાહરણરૂપ ઘટના છે. ઉલ્લેખનીય છે કે કિશનભાઈ શહેરમાં રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ભરણ-પોષણ કરતા હતા. જયારે તેમના પરિવારમાં પત્ની અને બે દિકરાઓ છે. ત્યારે સામાન્ય ભણતર મેળવેલા પરિવારે જીવનનું મુલ્ય સમજી આ કપરા સમયમાં પણ લોભ કે લાલચ વિના કિશનભાઈના અંગોનું દાન કરી તમામ વ્યકિતની નજરમાં ઉચું સ્થાન મેળવ્યું છે. ત્રણ વ્યકિતને જીવતદાન આપનાર પરિવારના સભ્યોએ પણ કિશનભાઈના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી પરિવારનો આભાર વ્યકત કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત પાંચમા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો ૩૬ ડિગ્રી નોંધાયો છે.
- ગાંધીનગરમાં ચ-૩નું ટ્રાફિક સિગ્નલ છેલ્લા ઘણા દિવસોથી બંધ પડ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં ખેડૂતો તલ્લીન બન્યા.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ ઘટવા પામ્યુ છે.
- ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં રંગરોગાનની કામગીરી ચાલી રહી છે.
- ગાંધીનગર શહેરમાં ૩૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૧ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આજે આવરી લેવાયા હતા.
- ગાંધીનગર (દ) બેઠક પર અલ્પેશ ઠાકોર સામે વિરોધ વ્યક્ત કરતા વોટ્સએપ ફરતા થયા છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી છે.
- વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલ વિસ્તારોમાં ગંદકીના થર જામ્યા છે.
- ગાંધીનગર શહેરના ખુલ્લા પ્લોટોની સફાઈ અંગે તંત્રના ઉદાસીન વલણને લઈ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરમાં માર્ગોના રિસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવી.
- જિલ્લા વહીવટીતંત્ર આજે આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહ્યુ હતુ.
- જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળે તે પહેલાં જ તેમને બઢતી આપવામાં આવતાં આ જગ્યા ચાર્જમાં રહી છે.

## "તુ મને ગમતી નથી" કહીને પરિણિતાને બે સંતાનો સાથે કાઢી મુકતા ફરીયાદ

ગાંધીનગર, તા.૯

વાવોલ ખાતે રહેતી પરિણિતાને ઘરકામ અંગે મ્હેણા-ટોણા મારી, શારીરીક-માનસિક ત્રાસ આપી દહેજ માંગી ઝઘડો કરી પરિણિતાને બે બાળકો સાથે તરછોડી દઈને છુટાછેડા માટે દબાણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પતિ, સાસુ અને સસરા સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક વાવોલ ખાતે બે બાળકો સાથે પરિણિતા પોતાના પિયરમાં રહેવા આવી છે. તેણીના લગ્ન વર્ષ-૨૦૧૨ માં સમાજના રીત રીવાજ મુજબ નંદાસણ ખાતે થયા હતા. લગ્ન બાદ સાસરીમાં રહેવા માટે ગઈ હતી. ત્યાં લગ્નજીવન દરમિયાન એક દિકરી અને એક દિકરો છે. પ્રારંભિક તબક્કામાં લગ્નજીવન બરાબર ચાલ્યું હતું. પરંતુ છેલ્લા એક વર્ષથી પતિ ઘરની તમામ નાની મોટી બાબતોમાં હેરાન પરેશાન કરતા હતા. જયારે સાસુ ઘરકામ અંગે વાંધા વચકા કાઢી મ્હેણાટોણા મારી માનસિક ત્રાસ આપતા હતા. જયારે સાસુના ત્રાસ અંગે પતિને જાણ કરે તો ઉડાઉ જવાબ આપતા હતા. જયારે પિયર જવાની વાત કરતા પરિણિતાને મારઝુડ કરી પતિ ગાળો બોલતો હતો. જયારે સાસુ-સસરા અને પતિ ત્રણેય જતા છુટાછેડાની વાત કરીને પિયરમાંથી દહેજમાં કંઈ લાવી નથી તેમ કહીને મારઝુડ કરતા હતા.જયારે પિયરમાંથી દહેજ લાવવા માટે દબાણ કરતા હતા. જયારે પતિ તેણીને તુ ગમતી નથી અને મને તુ છુટાછેડા આપી દે નહીતર જાનથી મારી નાંખીશ તેમ કહીને ત્રાસ આપતા હતા. ત્યારે પરિણિતા પતિના અતિશય ત્રાસને પગલે સાસરીમાંથી બે બાળકો સાથે પિયર આવી ગઈ છે. પિયરપક્ષના સભ્યોએ સમાધાન અંગે પ્રયત્નો કર્યા હતા પરંતુ તે નિષ્ફળ નિવડ્યા હતા. જયારે પરિણિતાનો પતિ સ્વાભાવે જીદી હોવાથી સમાધાન નહી કરીને તેડી જતા નથી.જયારે બે બાળકો સાથે પરિણિતાને તરછોડી દેતા પરિણિતાએ પોલીસ મથકે પતિ, સાસુ અને સસરા સામે ફરીયાદ નોંધાવી છે.

## ભાજપા યુવા મોરચા દ્વારા અગ્રેસર ગુજરાત" કેમ્પેઇન નું લોન્ચિંગ જિલ્લાના તમામ મંડલમાં કરવામાં આવ્યું.

ગાંધીનગર, તા.૯

પ્રદેશ ભાજપા ની યોજના અનુસાર અને ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજે ભાજપા સંકલ્પપત્રની રચના હેતુ

અગ્રેસર ગુજરાત" કેમ્પેઈન નું લોન્ચિંગ ભાજપા યુવા મોરચા દ્વારા જિલ્લાના તમામ મંડલમાં કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને ભાજપના સંકલ્પપત્ર તૈયાર કરવા હેતુ

પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી. આર.પાટીલ દ્વારા " અગ્રેસર ગુજરાત" કેમ્પેઈન ના માધ્યમથી નાગરિકોના સૂચનો આવકારવામાં આવ્યા છે.

આ હેતુસર ગાંધીનગર જિલ્લા ભાજપા દ્વારા ઉક્ત કેમ્પેઈન જુદા જુદા મોરચા દ્વારા જિલ્લાના તમામ મંડલોમાં કાર્યરત કરવામાં આવ્યું છે.

## ઉવારસદ સોનાટેકરી ખાતે ભકિતમય માહોલમાં ફુલોના ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના સોનાટેકરી વિસ્તાર ખાતે ગઈકાલે રાત્રીના દેવ દિવાળી નિમિતે ચામુંડા માતાજીના ચાચર ચોકમાં બ્રહ્માણી માતાજીના ફુલોના ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉવારસદ ગામના હજ્જારો ભકતો એ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ઉવારસદ સોના ટેકરી વિસ્તારમાં ચામુંડા માતાજીના મંદિર ખાતે પરંપરાગત બ્રહ્માણી માતાના ગરબા યોજાયા હતા. જયારે ગરબા મહોત્સવમાં હજ્જારો ભકતો ઉમટી પડ્યા હતા અને માતાજીના ચાચરચોકમાં ગરબે ઘુમી ધન્યતા અનુભવી હતી. ચામુંડા માતાજીના મંદિર ખાતે ભકતોનો માનવ મહેરામણ જોવા મળ્યો હતો. જયારે વહેલી સવાર સુધી ભકતો માથે ગરબો મુકી

ગરબે ઘુમ્યા હતા. પરંપરાગત ફુલોના ગરબામાં મુખ્ય બ્રહ્મામી માતાજીનો ગરબો હોય છે. આ દિવસે પોતાના કાર્યો સિધ્ધ થતા ભાવિકોએ માનેલી માનતાના ગરબા પણ હોય છે. જયારે બીજા દિવસે માનતા મુજબ ગરબાને વળાવવામાં આવે છે. સોના ટેકરી ખાતે ગરબાને ગામ ટોડાના બ્રહ્માણી માતાના મંદિર વળાવવામાં આવે છે. જો કોઈને ગરબો પાછો વાળવાની માનતા હોય તો ગરબાને પરત તે ભાવિકના ઘરે લઈ જવામાં આવે છે અને ચોકમાં



ફરીને ગરબાની રમઝટ બોલાય છે. જયારે ભકતોની શ્રધ્ધા મુજબ માનતા માનેલા કામ પૂર્ણ થતા ભકતો દ્વારા ગરબાને પાછો વાળવામાં આવે છે.

કેટલીકવાર ભકતોની માનતાઓને પગલે ગરોબ પરત વાળવાની પ્રક્રિયા ૧૦ થી દિવસથી વધુ સમય સુધી ચાલે છે.ગરબાને પોતાની માનતા પુરી થતા ગામના સરપંચ જીવણજી પ્રતાપજી ઠાકોર દ્વારા વાળવામાં આવનાર છે.

## કોલવડા દિલિપસિંહ હત્યા પ્રકરણમાં

## ડાંગરવાની સીમમાં સંતાડેલી પિસ્તોલ અને છરી પોલીસે કબ્જે કરી

ગાંધીનગર, તા.૯

કોલવડા ગામના નાગરીક દિલિપસિંહ વાઘેલાની ગોળી મારી છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી.

આ હત્યાના વોન્ટેડ આરોપીઓ પ્રભાતજી ડાભી અને વિપુલ ઠાકોરને ડાંગરવાની સીમમાંથી પેથાપુર પોલીસે દબોચી લીધા છે.

જયારે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા ૭ દિવસના રીમાન્ડ મળતા પોલીસે તપાસ તેજ કરી છે. જયારે મુખ્ય સુત્રધાર ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદાર સુધી હજુ સુધી પોલીસ પહોંચી શકી નથી. ત્યારે પોલીસે ડાંગરવાની સીમમાં સંતાડી રાખેલી પિસ્તોલ અને છરી કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ગામના ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદારના ઈશારે તેમના સાગરીતોએ ગામના જ દિલિપસિંહ વાઘેલાનું આર્યુવેદિક કોલેજ જતા માર્ગ પર ગોળી મારી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધુ હતું.

હત્યાને અંજામ આપી તમામ આરોપીઓ નાસી ગયા હતા. ત્યારબાદ પોલીસે આરોપીઓને પકડી પાડવા કમરકસી હતી. જે પૈકી માણસાના એક આરોપીને પકડી પાડ્યો હતો. ત્યારપછી પ્રભાતજી ડાભી અને વિપુલ ઠાકોરને પકડવા માટે શોધખોળ આદરી હતી.

તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે બંન્ને આરોપીઓ ડાંગરવા ગામે આવ્યા છે. જેથી બાતમીને પગલે તેઓને ડાંગરવા ગામની સીમમાંથી પોલીસે પકડી પાડ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રભાતજી ડાભીએ ગોળી મારી હતી. જયારે વિપુલ ઠાકોરે છરીના ઘા ઝીંકયા હતા. પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરતા સાત દિવસના રીમાન્ડ મંજુર થયા છે.

ગુનાને અંજામ આપી આરોપીઓ ડાંગરવા ગામે ગયા હતા. જયાં ગામની અવાવરુ સ્થાને પિસ્તોલ અને છરી સંતાડી દીધા હતા.

જે પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરી ને જપ્ત કરી લેવાયા હતા. જયારે આરોપીઓની હજુ આગળ પુછપરછ ચાલુ છે. ત્યારે હવે આ પ્રકરણમાં વધુ વિગતો સામે આવી શકે છે.

## વિરાટ વૈષ્ણવ મહાસંમેલનમાં વૈષ્ણવોનું ઘોડાપૂર ઉમટ્યું




ગાંધીનગર, તા. ૯

સૌરાષ્ટ્રના ગોંડલ નજીક ચરેડી ગામે યોજાયેલા વિરાટ વૈષ્ણવ મહાસંમેલનમાં ૭૫ હજારથી વધુ વૈષ્ણવોની હાજરીમાં પૂ. શ્રી વ્રજરાજકુમારજી દ્વારા સર્વ પ્રથમ દિવ્ય એન ભવ્ય 'શ્રીકૃષ્ણ સંસ્કાર વર્લ્ડ''નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના આગેવાનો સર્વ જશવંત ગાંધી, ડૉ. પ્રદિપભાઈ ગગલાણી, ડૉ. નીતાબેન શેખાત, જે.ઓ. શાહ, કૌશિકભાઈ રામી, વિજયભાઈ શાહ, શિલ્પાબેન કારીયા, મિતેશ આઈ. શાહ, રજનીકાન્તભાઈ સુથાર, પ્રિતીબેન શાહ, તેજસભાઈ શાહના નેતૃત્વમાં ૯૦ જેટલા વૈષ્ણવોએ ભાગ લઈ આનંદની અનુભૂતિ માણી હતી.



નવેમ્બર મહિનો શરૂ થઈ ચૂક્યો છે. રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે. પંખાની સ્પીડ પણ ઘટી ગઈ છે. ઠંડી હજી જામી નથી ત્યાં જ ગરમ વસ્ત્રોના વેચાણ માટે કામચલાઉ સ્ટોલ્સ લાગી ગયા છે. ગાંધીનગરના પાદરે આવા અનેક સ્ટોલ્સ જોવા મળી રહ્યા છે. લુધીયાણાના સુપ્રસિદ્ધ ગરમ વસ્ત્રોનું અહીં વેચાણ થઈ રહ્યું છે.

## ચિલોડા ખાતે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૯

જે તે સમયના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ડૉ. હર્ષવર્ધન દ્વારા તા. ૭ નવેમ્બરના દિવસને પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ ક્યુરીની જન્મજયંતિ સાથે સને ૨૦૧૪થી "રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ" તરીકે ઘોષિત કરાયો છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તરફથી મળેલ સત્તાવાર કાર્યક્રમ મુજબ જન જાગૃતિ અને સામાજિક હિતના કામો માટે સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ અનિલ કક્કડના પ્રયાસોથી તા. ૭ નવેમ્બર ૨૦૨૨ના દિવસે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ નિમિત્તે ફાસ્ટર ઈન્સ્ટીટ્યુટ, સેતુ સ્કવેર કોમ્પલેક્ષ, મોટા ચિલોડા ખાતે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે અનિલ કક્કડે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસનો મુખ્ય હેતુ કેન્સર નિવારણ વિશે જાગૃતિ લાવવા અને સામાન્ય લોકો માટે વહેલી તકે તપાસના મહત્વને ઉજાગર કરવા ઉજવવામાં આવે છે. એક એવો અંદાજ છે કે દેશમાં ચાલીસ ટકા કેન્સર તમાકુને કારણે થાય છે. સ્ત્રીઓમાં ગર્ભાશય અને સ્તન કેન્સર સામાન્ય છે. પુરૂષોમાં મૌખિક પોલાણ (ઓરલ કેવીટી) અને ફેફસાંના કેન્સરનાં મોત ૨૦ ટકા છે, પુરૂષો અને સ્ત્રીઓમાં ૨૦૧૮માં તમાકુ અને ધૂમ્રપાનને કારણે ત્રણ લાખથી પણ વધારે કેસો નોંધાયા છે. જે માટે આપણી આસપાસનું વાતાવરણ, આહાર-વિહાર, જીવનશૈલી, તણાવ, પ્રદૂષણ, ધુમ્રપાન, નશીલા દ્રવ્યોનું સેવન, પારિવારીક હિસ્ટ્રી, કુપોષણ, વ્યવસાય, ચેપ લાગવો, સ્વચ્છતાનો અભાવ જેવા અનેક કારણો પણ દવાબદાર હોય છે.

### ચિલોડા સર્કલ પાસે કેશવ હોટલ માં ખાટલા બેઠક યોજાઈ

## ભારતિય યુવા મોરચોના અધ્યક્ષ તેજસ્વી સૂર્યાનું બાઈક રેલી દ્વારા સ્વાગત



આજે ચિલોડા હોટલ કેશવ ખાતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ તેજસ્વી સૂર્યાજી અને ગુજરાત પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંત કોંરાટજીના અધ્યક્ષસ્થાને ખાટલા બેઠકનું આયોજન થયું જેમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, યુવા મોરચા રાષ્ટ્રીય મહા સચિવો, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ યુવા મોરચાના વિરેન્દ્રસિંહ વાઘેલાજી સાથે મોટી સંખ્યામાં જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને ખૂબ મારદર્શન મેળવ્યું. રાષ્ટ્રીય અધ્યક્ષ સૂર્યાજીનું શ્રી ડભોડિયા હનુમાનજી દાદાની સ્મૃતિચિહ્નરૂપી તસ્વીર આપીને સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું.

### ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨

## દિવ્યાંગ મતદારોને નોંધણી કરાવવા માટે ચૂંટણી પંચ દ્વારા PWD મોબાઈલ એપ તૈયાર કરાઈ

**PWD મોબાઇલ એપમાં દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી, નામ ટ્રાન્સફર, નામ સુધારવા કે કમી કરવા, વ્હીલચેર અને મતદાન મથક શોધવા માટેની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ**

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં મતદાનની ટકાવારી વધે અને નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉદ્દેશથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મતદારો માટે PWD મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારમાં તા. ૦૫મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન થનાર છે. અવસર લોકશાહીનો અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી કરાવવા માટે 'PWD મોબાઈલ એપ' તૈયાર કરવામાં આવી છે.

આ એપ દ્વારા દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી કરાવી શકાશે. આ ઉપરાંત, મતદાર યાદીમાં નામ ટ્રાન્સફર કરાવવા, નામ સુધારવા કે કમી કરાવવા, વ્હીલચેર માટે, મતદાન મથક શોધવા માટેની વિવિધ સુવિધાઓ PWD મોબાઈલ એપ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ એપ ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે. આ અંગેની વધુ જાણકારી માટે હેલ્પલાઈન નંબર- ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

ઉપરાંત, https://ceo.gujarat.in/Default પરથી તમામ માહિતી મેળવી શકાશે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, સહયોગ સંકુલ, ગ્રાઉન્ડ ફ્લોર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.